# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : exambknmu@gmail.com


પરીપત્ર:

વિષય: તા.03/૦૫/૨૦૨૧ થી શરૂ થનાર યુ.જી. સેમ.૪ તથા સેમ. ૬ ની પરીક્ષાઓ મોકુફ રાખવા બાબત.

સંદર્ભ : ૧) અત્રેની યુનિવર્સિટી પરીપત્ર ક્રમાંક-બીકેએનએમયુ/પરીક્ષા/૬૮૨/૨૦૨૧, તા.૨૬/03/૨૦૨૧.
૨) રાજ્ય સરકારશ્રીના પરીપત્ર ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૨/૦૪/૨૦૨૧.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા તા.03/૦૫/૨૦૨૧ થી શરૂ થનાર યુ.જી. સેમ. ૬, ૪ ની પરીક્ષાઓ COVID-19 (કોરોના) અંગે તકેદારીના પગલા ના ભાગરૂપે રાજ્ય સરકારશ્રીના તા.૧૨/૦૪/૨૦૨૧ ના પરીપત્ર (સંદર્ભ-૨) મુજબ માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર તમામ થીયરી પરીક્ષાઓ મોકુફ રાખવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓને આ અંગેની જાણ દરેક સંસ્થાના આચાર્યશ્રીઓ/વડાઓએ કોલેજ કક્ષાએથી પણ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે યુ.જી. સેમ.૬ તથા પી.જી.-બી.એડ. સેમ.૪ ની પરીક્ષાઓ આગામી મે-૨૦૨૧ નાં બીજા અઠવાડીયામાં (સંભવીત) લેવામાં આવશે તેમજ અન્ય પરીક્ષાઓની નવી તારીખો નક્કી થયે તેની વિગતવાર માહિતી અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવામાં આવશે જેની તમામ સંબંધીતોએ નોંધ લેવી.

OSD
પરીક્ષા વિભાગ

બિડાણઃ- રાજ્ય સરકારશ્રીના પરીપત્ર ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૨/૦૪/૨૦૨૧.

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૭૫૬/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૫/૦૪/૨૦૨૧

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે.

# ગુજરાત સરકાર

**ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**
**ગૃહ વિભાગ, સચિવાલય,**
**ગાંધીનગર**
**તા. ૧૨.૦૪.૨૦૨૧**

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ ( COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે. જે અંગે રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક વિચારણા કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારે નીચે મુજબની બાબતો અમલમાં મુકવા નિર્ણય કરેલ છે.

- તા. ૧૪.૦૪.૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦(પચાસ) થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહિ.
- જે શહેરોમાં રાત્રિ કર્ફ્યુ અમલમાં છે ત્યાં કર્ફ્યુના સમયની અવધી દરમિયાન લગ્ન સમારંભ યોજી શકાશે નહિ.
- મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધી/ઉત્તરક્રિયામાં ૫૦(પચાસ)થી વધારે વ્યક્તિ એકત્ર થઇ શકશે નહીં.
- જાહેરમાં રાજકીય/સામાજીક/ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે.
- એપ્રિલ તથા મે માસ દરમ્યાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહીં તથા જાહેરમાં લોકો એકત્ર થઇ શકશે નહી. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે.
- સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવાની રહેશે અથવા alternate dayએ કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહીં.
- રાજ્યના તમામ ધાર્મિકસ્થાનો તા. ૩૦.૦૪.૨૦૨૧ સુધી જાહેરજનતા માટે બંધ રાખવા અપીલ કરવામાં આવે છે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા મર્યાદિત લોકો સાથે કરવામાં આવે તે સલાહભર્યુ છે. શ્રધ્ધાળુઓને પણ ધાર્મિકસ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન ન કરવા જવાની વિનંતી કરવામાં આવે છે.

Scanned with CamScanner

- ગૃહ વિભાગના સમાનક્રમાંકના તા.૦૬.૦૪.૨૦૨૧ના હુકમથી આપવામાં આવેલ અન્ય સુચનાઓ યથાવત રહે છે.
- આ દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓનું દરેક નાગરિકોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. આ હુકમનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડા દ્વારા કરવાનું રહેશે

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ, INDIAN PENAL CODEની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACTની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)

ઉપ સચિવ (કા.વ્ય.)

ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ( પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્દિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.

Scanned with CamScanner